**અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૪૪૩.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સકવ/૧૦૨૦૨૧/૧૯૮૩૮૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૪/૦૫/૨૦૨૧.

વંચાણમાં લીધા:-

૧. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૮.૦૪.૨૦૨૧નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૨૧/૧૬૭૧-૭૨

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૪૪૩.૦૦ લાખ (અંકે રૂપિયા ચોવીસ કરોડ તેતાલીસ લાખ) અંગેની નવી બાબતને સૈધાંતિક મંજૂરી આપવામાં આવેલ, જે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આ વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નીચે મુજબના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૪૪૩.૦૦ લાખ પેટે જે-તે નિગમની સામે દર્શાવ્યા મુજબની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા અંગેની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્રમ | નિગમ | લોનની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૯૭૧.૫૦ |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૯૭૧.૫૦ |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૫૦૦.૦૦ |
| | કુલ | ૨૪૪૩.૦૦ |

શરતો:

૧. આ અંગેનો ખર્ચ સને ૨૦૨૧-૨૨ના વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલના કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહય રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોયતો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૬/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, બ્લોક નંબર-૧, બી-૧ વીંગ ત્રીજો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, બ્લોક નંબર-૨, ડી-૨ વીંગ ચોથો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(જ - શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

* સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
* પસંદગી ફાઇલ -૨૦૨૧